**સમીના મે.એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સમી**

**<u>ફોજદારી કેસ નંબર :-૪૯૩/૨૦૨૦</u>**

આંક :- ૦૫

<u>ફરીયાદી</u> :- શ્રી સરકાર.........

-:: <u>**વિરૂધ્ધ**</u> ::-

<u>આરોપી</u> :- રાણા (ભીલ) કેતનકુમાર ગોરધનદાસ

<u>ગુનો</u> :- **<u>એમ.વી.એકટની કલમ-૧૮૫ મુજબ.</u>**

-:: **<u>ક બુ લા ત ઠ રા વ</u>** ::-

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટના કોલમમાં જણાવેલ તારીખના રોજ મુજબનું કૃત્ય કરી એમ.વી.એકટ કલમ-૧૮૫ મુજબનો ગુનો કરેલ હોવા બાબતેની ફરીયાદીની ફરીયાદ આધારે પાટણ સીટી એ ડીવી. પો.સ્ટે. ધ્વારા ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ એમ.વી.એકટ કલમ-૧૮૫ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીને ચાર્જશીટ સાથે કોર્ટ રૂબરૂ રજુ કરવામાં આવતા, આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી તેની સામેનો ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા, આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીનું નિવેદન નોંધવામાં આવતા તેમાં પણ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે,તેઓ છુટક મજુરી કરી તેઓનું ગુજરાન ચલાવે છે, તેઓનો આ પ્રથમ ગુનો છે, સદરહુ ગુના બાબતે તેઓ પસ્તાવો વ્યકત કરે છે અને તેઓને ગુનો કબુલ મંજુર હોવાનું જણાવે છે અને મૌખિક રજુઆતમાં તેઓના ઉપર દયા કરવા અરજ કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોઈ, આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહુ ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

(૧) આ કામના આરોપને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તેની સામેના એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરા દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ અંગે અગાઉ કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

(૩) આરોપીના જામીનખત તથા જાત મુચરકો રદ ગણવા.

આ હુકમ આજરોજ, તા.**૧૦મી,** માહે.**જુલાઈ,** સને.**૨૦૨૧** ના રોજ મેજીસ્ટ્રેટની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૧
પાટણ.

**(એજાઝઅલી મખમુદઅલી બુખારી)**
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ

Code No.GJ-01492.